ગાંધીનગર સમાચાર

જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની બેઠકને લઈ વિવાદ

# સંસ્કારભારતીના ઉપક્રમે નગરના કલાકાર ભાવિન પટેલનું 'કલાગુરુ' તરીકે સન્માન



ગાંધીનગર, તા. ૩

સંસ્કારભારતી, ગુજરાત દ્વારા કલાગુરુ સન્માનનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો જેમાં ગાંધીનગરને ગૌરવ પ્રાપ્ત થાય એવી ઘટના બની હતી. લોકનૃત્ય ક્ષેત્રમાં ગાંધીનગરના ખ્યાત યુવા કલાકાર ભાવિન પટેલનું સન્માન આ ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

સાહિત્ય ક્ષેત્રે હરદ્વાર ગોસ્વામી, લતા હિરાણી, સંગીત ક્ષેત્રે અનિકેત ખાંડેકર, નાટ્ય ક્ષેત્રે મયુર વાકાણી, શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે સુરમણિ પ્રીતિબેન દવે, શિલ્પકલા ક્ષેત્રે ધ્રુવભાઈ શિલ્પી, લોકકલા અને સાંસ્કૃતિક વારસા ક્ષેત્રે કપિલભાઈ ઠાકર, ચિત્રકલા ક્ષેત્રે રાજેશભાઈ સાગરા, તસવીર કલા ક્ષેત્રે પ્રવીણસિંહ ચૌહાણ, બિપીન ઉપાધ્યાય અને સુગમ સંગીત ક્ષેત્રે સ્નેહલ શેવડે સાથે ભાવિન પટેલને લોકનૃત્ય ક્ષેત્ર માટે

● અનુસંધાન પાન-૭ પર

# આજે તંત્રને મિશન મોડ પર મૂકવા શાખા અધિકારીઓ અને તલાટીઓની સંયુક્ત બેઠક

**બેઠકમાં લક્ષ્યાંકો નિયત કરી રોડમેપ તૈયાર કરવામાં આવશે : ''સમન્વય'' આ બેઠકનો હેતુ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં વહીવટીતંત્રને મિશન મોડની સાથે સાથે સંવેદનશીલ બનાવવાના નવતર અભિગમ સાથે તલાટીઓ અને શાખાધિકારીઓની એક સંયુક્ત બેઠકનું આયોજન જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવ્યુ છે.

બપોરે ૨.૩૦ કલાકે આંબેડકર હોલ ખાતે મળનાર આ બેઠકમાં કઈ શાખાની યોજના અને તલાટીની કામગીરીને લઈ વિસ્તૃત સમીક્ષા થશે. કયાં લક્ષ્યાંકોમાં ક્યાં ઓછી કામગીરી થાય છે તેના મૂળમાં જવાનો આ પ્રયાસ છે.

જિલ્લા પંચાયત કક્ષાએ પ્રથમવાર શાખાના વડાઓ અને તલાટીઓ એક સાથે મળી આ બાબતે મંથન કરનાર છે.

આ બેઠકમાં તંત્રની સંવેદનશીલતા વધે તેમજ છેવાડાના માનવી સુધી યોજનાના લાભ પહોંચે તે હેતુથી તેમજ તંત્ર અમલીકરણને લઈ મિશનમોડમાં આવે તે માટે બેઠક યોજવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી વાઈબ્રન્ટ પૂર્વે શહેરની ફૂટપાથના ગાબડાં પૂરાશે : રંગરોગાન કરાશે

**ફૂટપાથની યોગ્ય જાળવણીના અભાવે ઠેર-ઠેર ગાબડાં અસ્તિત્વમાં આવ્યા છે**

ગાંધીનગર તા ૩

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને અત્યારથી જતૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રોડ નેટવર્કના બ્યુટીફિકેશન માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે ફુટપાથના ગાબડા પુરવા તેમજ કલરકામ માટે પણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં વોક વે નિર્માણનુ કામ એક દાયકા પુર્વે હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે પ્રથમ તબકકે ફુટપાથનુ કામ ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર પુર્ણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તબક્કાવાર શહેરના તમામ માર્ગો પર ફુટપાથની આભા ઉભી કરવામાં આવી હતી. સેકટરોના એપ્રોચ રસ્તાઓ આસપાસ પણ ફુટપાથનુ નિર્માણ કરાયુ છે. પરંતુ ફુટપાથની કામગીરીમાં કેટલાક ઠેકાણે ગુણવત્તા જળવાઈ નથી. જેના લીધે ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે કેટલાક ઠેકાણે ફુટપાથ પર શોર્ટ કટ શોધવા માટે ગાબડા પાડવામાં આવ્યા છે. ફુટપાથ પર વાહનો દોડાવામાં આવી રહયા છે. આવા સંજોગોમાં ફુટપાથની જાળવણી કરવાનુ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. ત્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા રોડનેટવર્કના બ્યુટીફિકેશન માટે દરખાસ્ત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# બીજા નોરતે ગરબાની રમઝટ જામી

**વાદળિયા વાતાવરણમાં અસહ્ય બફારો યથાવત : આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહેતા ખૈલેયાઓ મન ઊંચા : ગરબાપ્રેમીઓને વરસાદનો ભય સતત સતાવે છે**





ગાંધીનગર તા ૩

નવરાત્રિના પ્રારંભે જ વરસાદ વરસતા ખૈલેયાઓમાં નારાજગી વ્યાપી હતી. જયારે સતત બીજા દિવસે પણ રાત્રિના સમયે અસહ્ય ઉકળાટ વચ્ચે વરસાદ ગમે ત્યારે વિલન બનશે તેવી દહેશત વચ્ચે ખૈલેયાઓ ઉંચા મને ગરબે ઘુમયા હતા. રાત્રિના સમયે ગરબા મેદાનમાં બફારાથી ત્રસ્ત ખૈલેયાઓ પરસેવે ભીંજાયા હતા.પ્રથમ દિવસે વરસાદ નડતરરૂપ બન્યા બાદ બીજા નોરતે ગરબાની રમઝટ જામી હતી. જો કે આજે પણ દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા.

નવરાત દરમિયાન વરસાદી વાતાવરણનુ સામ્રાજય રહેતા ગરબા પ્રેમીઓના ઉત્સાહમાં ભંગ પડયો છે. નવરાત મહોત્સવના પ્રારંભે જ સવારથી વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહેતા ગરબાના આયોજકો થી લઈ ગરબા રસિકોમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર


# સરકારી વસાહતના માર્ગોની સુધારણા માટે કોર્પોરેશનને દરખાસ્ત

ગાંધીનગર તા ૩

શહેરના સરકારી વસાહતમાં દુવિધાઓની ભરમાર છે. સરકરી વસાહતમાં પાણી ફોર્સથી આવતુ નથી. સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે. જયારે સરકારી રહેણાંક વિસ્તારમાં રસ્તાઓના રિસરફેસીંગનુ કામ પણ વર્ષોથી હાથ ધરાયુ નથી. તંત્ર દ્વારા સરકારી રહેણાંક વિસ્તારમાં માર્ગોના નવિનીકરણ માટે તંત્ર દ્વારા કોર્પોરેશનને દરખાસ્ત કરવામાં આવી છે. સે-૬ થી ૩૦ માં આંતરિક રસ્તાનુ કામ હાથ ધરવા માટે મ્યુનિતંત્ર દ્વારા હજુ નાંણાકીય જોગવાઈ કરવામાં આવી નથી.

શહેરના આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ હજુ બાકી છે. સેકટરોના રસ્તાઓનુ વરસાદી ઋતુના અંતે ધોવાણ થયુ છે. આમપણ છેલ્લા પાંચ વર્ષથી સેકટરોના આંતરિક માર્ગોની મરામતનુ કામ હાથ ધરાયુ નથી અલબત્ત સેકટરોમાં રીસરફેસીંગનુ કામ બાકી છે. નવા સેકટરોમાં પણ રસ્તાઓ ઉબડ ખાબડ બન્યા છે. જેના લીધે સેકટરવાસીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. શહેરના સરકારી રહેણાંક વિસ્તારમાં રસ્તાઓની સુધારણાનુ કામ લાંબા સમયથી થયુ નથી. જેના લીધે લાંબા સમયથી માર્ગોના નવિનીકરણનુ કામ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોના આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા કોર્પોરેશનને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે હજુ આ દરખાસ્ત પેન્ડીંગ છે. જો કે ટુંકમાં જ રસ્તાના કામોને મંજુરી આપી દેવાશે આગામી દિવસોમાં સેકટરોનુ રોડનેટવર્ક ચકાચક બનાવવા માટે કામ હાથ ધરાશે.

ENDURANCE TECHNOLOGIES




Innovation-driven automotive component manufacturer offering broad range of products

- Largest two-wheeler and three-wheeler automotive component manufacturing company in India*
- Diverse range of components for two-wheeler and three-wheeler segments and specified components for four-wheeler passenger vehicles, light & heavy commercial vehicles
- 25 manufacturing plants across India, Germany and Italy
- Leading global & domestic OEMs as customers

ENDURANCE
ENDURANCE TECHNOLOGIES LIMITED
www.endurancegroup.com

Adfactors 287

*in terms of aggregate revenue for FY2015 from our selected product segments (Source: CRISIL Research)

Endurance Technologies Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with the RoC, on September 26, 2016. The RHP is available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of the Lead Managers at www.axiscapital.co.in and www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm respectively. Any potential Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the section titled "Risk Factors" on page 17 of the RHP. Potential investors should not rely on the Draft Red Herring Prospectus filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act"), and may not be offered, sold or delivered within the United States or to U.S. persons absent from registration under or an applicable exemption from the registration requirements of the United States securities laws. Accordingly, any offer and sale of securities of the Company and or/any of its subsidiaries will be undertaken (i) in the United States only to qualified institutional buyers (as defined in Rule 144A under the Securities Act ("Rule 144A")) in reliance on Rule 144A or Section 4(a)(2) of the Securities Act, and (ii) outside the United States only in offshore transactions in reliance on Regulation S under the Securities Act.

CRISIL Research, a division of CRISIL Limited (CRISIL), has taken due care and caution in preparing the Report based on the information obtained by CRISIL from sources which it considers reliable. However, CRISIL does not guarantee the accuracy, adequacy or completeness of the Data / Report and is not responsible for any errors or omissions or for the results obtained from the use of Data / Report. The Report is not a recommendation to invest / disinvest in any company covered in the Report. CRISIL especially states that it has no liability whatsoever to the subscribers / users / transmitters / distributors of the Report. CRISIL Research operates independently of, and does not have access to information obtained by CRISIL's Ratings Division / CRISIL Risk and Infrastructure Solutions Limited (CRIS), which may, in their regular operations, obtain information of a confidential nature. No third party whose information is referenced in this Report under credit to it, assumes any liability towards the user with respect to its information. The views expressed in the Report are that of CRISIL Research and not of CRISIL's Ratings Division / CRIS. No part of the Report shall be quoted out of context or in the manner that it distorts its context or meaning.

# જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની બેઠકને લઈ વિવાદ

**બેઠક તંત્રના ધ્યાન બહાર ગઈ અને પદાધિકારીઓએ પંચાયત પ્રમુખના લેટરહેડ પર અધિકારીઓનો ખુલાસો ચેરમેનની સહિથી માંગ્યો : વિવાદનો વંટોળ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિ આજે બેઠકને લઈ વિવાદમાં આવી ગઈ છે. એટલુ જ નહિ પરંતુ જિલ્લા પંચાયતના પ્રમુખના લેટરહેડ પર આરોગ્ય સમિતિના ચેરમેને આરોગ્ય વિભાગના અધિકારીને નોટીસ પાઠવી અને ખુલાસો પુછતાં વિવાદ વધુ વકર્યો છે.

આજે જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની બેઠક બપોરે ૧ વાગે બોલાવવામાં આવી હતી પરંતુ અધિકારીઓની અનુપસ્થિતિમાં બેઠક ન મળી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને બેઠક રદ કરવી પડી હતી.

બીજી તરફ તંત્રમાં કોઈને એજન્ડા જારી ક્યારે થયો તેની જાણ જ નહિ તેમજ એજન્ડા જારી કરનાર કર્મચારી રજા પર હોવાથી આખી વાત ધ્યાન બહાર અધિકારીઓથી નીકળી ગઈ હતી. સરકારના સંખ્યાબંધ કાર્યક્રમોના ભારણને લઈ આ સ્થિતિ થઈ હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના લેટર હેડ પર આરોગ્ય સમિતિના ચેરમેનની સહિથી ખુલાસો માંગવામાં આવ્યો હોવાની વાતને લઈ વિવાદ વધુ છેડાયો હતો.

તંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સુયોગ્ય સંકલનના અભાવે આ સ્થિતિ હોવાની વાતો લોકમુખે ચર્ચાઈ રહી છે. જો કે સભ્યો અધિકારીઓનો ઉઘડો લેવામાં વધુ રસ ધરાવતા હોય તેવી સ્પષ્ટ છાપ ઉપસી રહી છે. કારણ કે અધિકારીઓ સાથે તેઓ બેઠક યોજી શક્યા હોત પરંતુ તેમને મીટીંગ કરતાં ઉઘડો લેવામાં વધુ સમય પસાર કરી અને પછી ભારે દબાણ વચ્ચે આરોગ્ય અધિકારીનો ખુલાસો પુછવાનુ નક્કી કરાયુ હતુ અને બેઠક રદ કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિને લઈ થયેલા વિવાદને પગલે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને અન્ય હોદ્દેદારો પણ પંચાયત આવી પહોંચ્યા હતા અને સમન્વય નહિ પણ સંઘર્ષના મૂડમાં જણાતા હતા.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## શહેરની હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં ડેન્ગ્યુના ૮૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાએ માથું ઉચકયું છે. શહેરમાં છેલ્લા પંદર દિવસમાં ડેન્ગયુના ૮૦ જેટલા કેસ નોંધાયા છે. જયારે છેલ્લા સપ્તાહમાં ટાઈફોઈડ-૩, મેલેરીયા-૧૦, અને કમળાના ૪૫ કેસો નોંધાતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. ઉલ્લેખનનીય છે કે સૌથી વધુ ડેન્ગ્યુંના કેસ શહેરી વિસ્તારના નોંધાયા છે. શહેરમાં વધતા જતા રોગચાળાને અટકાવવા તંત્ર દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. શહેરમાં રોગચાળો વધતા સરકારી તેમજ ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. મોડીરાત સુધી દવાખાના ધમધમે છે. શહેરના હવામાનમાં પણ અચાનક પલટો આવતા નાગરીકો હેરાન પરેશાન છે. ત્યારે શહેર તેમજ જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ અજગરી ભરડો લીધો હોય તેવુ લાગી રહ્યું છે. શહેરની હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં ડેન્ગ્યુના ૮૦ કેસ નોંધાતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે અને સર્વેલન્સની કામગીરી જરુરી વિસ્તારોમાં આરંભી દીધી છે. તેમજ દવાનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે. રોગચાળાને નાથવા માટે તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. ત્યારે છેલ્લા સપ્તાહમાં કમળો, મેલેરીયા અને ટાઈફોઈડના કેસમાં પણ ભારે ઉછાળો જોવા મળ્યો છે. જેમાં તા.૨૬-૯-૧૬ થી ૨-૧૦-૧૬ સુધીમાં કમળા-૪૫, ટાઈફોઈડ-૩, મેલેરીયા-૧૦ કેસ નોંધાયા છે. જયારે તા.૧૯ સ્પ્ટેમબરથી ૨ ઓક્ટોબર સુધીમાં ડેન્ગ્યુના ૮૦ જેટલા કેસ નોંધાયા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com